અમદાવાદ જિલ્લામાં ગુણોત્સવ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મુલ્યાંકન.

*૧૫/૪/૪૦૧ શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ(સાબરમતી): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ગુણોત્સવ અંતર્ગત અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મુલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલા લેવામાં આવ્યા **?**

**જવાબ**

(૧)

| જિલ્લો | ક્રમ | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૧ | ૨૦૨૧-૨૦૨૨ | ૧૧૪૧ | ૧૧૪૧ |
| | ૨ | ૨૦૨૨-૨૦૨૩ | ૧૧૪૭ | ૧૧૪૭ |

(૨) બે વર્ષમાં સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ પગલા :-

૧. મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રીપોર્ટકાર્ડ આપવા આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો તેમજ સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ તેમજ ટકા પણ દર્શાવવામાં આવે છે.

૨. અમદાવાદ જિલ્લામાં રેડ અને બ્લેક કેટેગરીમાં આવેલ શાળાઓ (નીચું પરિણામ મેળવનાર શાળાઓ)ના શિક્ષકો અને આચાર્યો માટે કુલ ૨૫ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૨૦૯ આચાર્યો અને ૭૪૧ શિક્ષકોને ગ્રેડ સુધારણા માટેની તાલીમ આપવામાં આવેલ. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વ્યાખ્યાતાઓ દ્વારા શાળાઓનું હેન્ડ હોલ્ડિંગ કરી શાળાઓને માર્ગદર્શિત કરવામાં આવે છે. વ્યાખ્યાતો દ્વારા ગત બે વર્ષમાં ૧૧૩ જેટલી શાળા મુલાકાતો કરી ગુણોત્સવ અંતર્ગત શાળા ગ્રેડ સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

૩. રાજ્ય કક્ષાએથી અમદાવાદ સહિત તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના પ્રાચાર્યશ્રી, બી.આર.સી. કોર્ડીનેટર, સી.આર.સી. કોર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.

૪. ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરીમાં નિયમિતતા માટે મોનીટરીંગ કરવામાં આવે છે તેમજ સુધારાત્મક પગલા માટે શાળાઓને માર્ગદશન આપવામાં આવે છે.

૫. વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટકાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---